જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૬/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૨૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૫૩	૨	૧૧૫૫૫	૧૭૬૬૮	૨	૧૭૬૭૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૧૯	૭	૪૭૨૬	૬૨૫૪	૭	૬૨૬૧
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૮૮૬૫	૨૭૭	૫૯૧૪૨	૫૯૪૫૬	૨૭૧	૫૯૭૨૭
કુલ		૭૫૨૨૯	૨૮૬	૭૫૫૧૫	૮૩૭૧૦	૨૮૦	૮૩૯૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૮	૩,૩૧,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૧૬	૧૯,૧૬,૦૦૦/-

તડીપાર આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

તડીપાર ઈસમને પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારીશ્રી ઓની જરૂરી સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાથી તડીપાર કરેલ ઇસમોને આવાર-નવાર ચેક કરી મળી આવેથી તેઓના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા સારૂં કરેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.ન ૪૦૮૪ તથા અ.પો.કો લાખાભાઇ દેહાભાઇ બ.ન ૬૯૩૫ તથા અ.પો.કો. અશ્વિનકુમાર વાઘાભાઇ બ.ન ૬૭૫૮ તથા અ.લો.૨ સુડાભાઇ વિરમભાઇ બ.નં ૧૨૩૧૩ નાઓ સાથે રાણીપ પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ તથા અ.પો.કો. અશ્વિનકુમાર વાઘાભાઇ બ.ન ૬૭૫૮ નાઓ બન્નેની ખાનગી બાતમી હકીકત આધારે તડીપાર ઈસમ સુનિલ સ/ઓ છનાજી કાળુજી જાતે ઠાકોર ઉ.વ ૨૪ રહે મદ્રાસીની ચાલી સાબરમતી સેન્ટ્રલ જેલ રોડ કેશવનગર સુભાષબ્રિજ અમદાવાદ શહેર નાઓને મે.મ.પો.કમિ.સા.શ્રી "જી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક નંબર "જી" ડિવિઝન/હદપ/૦૫/૨૦૨૧ તારીખ ૧૭/૦૨/૨૦૨૧ ના હદપારી હુકમ આધારે અમદાવાદ શહેર , અમદાવાદ (ગ્રામ્ય), ગાંધીનગર , ખેડા તથા મહેસાણા જિલ્લાઓ માથી બે વર્ષ સુધી તડીપાર કરેલ હોવા છતાં તેઓ અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતો મળી આવતા તેઓના વિરુધ્ધ ધી જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૩૨/૨૦૨૧**

ઘાટલોડીયાઃ નિકુંજભાઇ સંજયકુમાર પટેલ (ઉ.વ.૨૪) (રહે. રત્નમ એપાર્ટમેન્ટ પ્રજાપતી ગાર્ડન પાસે વાસણા બસ સ્ટેન્ડ પાસે વાસણા) એ તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી મૌલીક રાજેશકુમાર પ્રજાપતિ (રહે. અંબાજી માતાનો વાસ રામજીભાઇ પ્રજાપતિના મકાનમા થલતેજ ગામ) નાઓએ તા.૧૫/૦૫/૨૦૨૧ મેમનગર હેલ્મેટ સર્કલ પાસે આવેલ રુદ્રા આર્કેટના પહેલા માળે આવેલ "સન ફ્લાવર લેબોરેટરી" માં RT-PCR કરેલ ટેસ્ટ સેમ્પલના રૂપિયા ૧,૧૨,૮૦૦/- તથા તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે કોરોનાના વાયરસની બીમારી સબબ RT-PCR કરેલ ટેસ્ટ સેમ્પલના રૂપિયા ૬૩૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૧૦૦/- આજદીન સુધી જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી. જયદિપસિહ ધીરુસિહ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ વિશાલ સ/ઓ રોહિતભાઇ પટેલ (ઉ.વ.૩૩) (રહે. ઘ.નં-૪૩૭, લીંમડીવાસ રામજીમંદિર પાછળ ગામ-પ્રાંતિયા તા-જિ-ગાંધીનગર) એ તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૭૬૨૭૦૩૨૬૧૨ સુનિલભાઇ, ૯૭૨૫૮૬૫૭૦૦ દુષ્યંત ગોહિલ અને ૯૬૨૪૭૧૫૨૯૪ શિવાંગ નામની વ્યક્તિઓએ વિશાલ પટેલના વોટ્સએપ પર લેપટોપ વેચાણ કરવાની વાત કરી ફોટા મોકલતા વિશાલ પટેલને લેપટોપ લેવાનુ હોઈ રૂપિયા ૬૩,૦૦૦/- નક્કી કરી તેઓના ખાતામાં રૂપિયા ૬૩,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ આજદીન સુધી લેપટોપ કે ભરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૩૩/૨૦૨૧**

નરોડાઃ રૂપાબહેન કેવીનભાઈ ભટ્ટ (રહે. કૈલાશ રોયલ ફલેટ સનવિલા બંગ્લોઝની બાજુમાં નાના ચિલોડા) એ તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૧ સાજના ૫/૦૦ થી તા.૨૨/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી અલગ-અલગ કંપનીના ત્રણ એલ.સી.ડી.ટી.વી. ૯૦,૦૦૦/-, એમ્પલીફાયર કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, ૪૦ જોડી કપડા કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, ચાંદીની ઝાંઝરી તથા વિંટી મળી કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, ૨૦ બેડશીટ તથા કંબલ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને જુપીટર ટુ વ્હીલર નંબર જીજે ૦૧ યુએન ૮૨૬૯ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

નિકોલઃ શુભમસિંઘ શ્રીરામસિંઘ ચંદેલ (રહે. અંકુર ટેનામેન્ટ કેળવળીધામની બાજુમાં ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ) એ તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૧ સવારના ૭/૦૦ થી તા.૨૩/૦૬/૨૦૨૧ સવારના ૬૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, એચ.પી.કંપનીનુ લેપટોપ અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૬,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૧૩૪/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ પ્રીતેશ ભુપેન્દ્રભાઇ ખંભોળજા (ઉ.વ.૩૭) (રહે. ઘોષા સોસાયટી જય અંબેનગર પાછળ થલતેજ) તા.૨૩/૦૬/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે થલતેજ મા આનંદમય સોસાયટીના બંગ્લા નં-૫ ગેટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રીતેશ ખંભોળજાના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રીતેશ ખંભોળજાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

સેટેલાઈટઃ હિમાંશુભાઈ બીપીનભાઈ ખત્રી (ઉ.વ.૪૩) (રહે. અગ્રવાલ એપાર્ટમેન્ટ મધુર હોલની ગલીમા આનંદનગર સેટેલાઈટ) તા.૨૩/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ સ્ટીલ શો રૂમ આગળ સુંદરવન નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હિમાંશુભાઈ ખત્રીના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિમાંશુભાઈ ખત્રીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.પ્રજાપતિ ચલાવે છે.

બેદરકારીથી મૃત્યુની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૩૫/૨૦૨૧**

બાપુનગરઃ તા.૨૩/૦૬/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે રખિયાલ ગુજરાત બોટલિંગ પાછળ આવેલ BTI કારખાનાની દિવાલ તથા છત પડી જતા કારખાનામાં કામ કરતા સુરેશભાઈ બાબુભાઈ કેવટ (ઉ.વ.૨૨) (મુળ વતન ગામ-સાઢી ફૈલાની તા.તીનવારી જી.બાંદ્રા ઉત્તરપ્રદેશ) ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સુરેશભાઈનું મુત્યુ નિપજયું હતુ.

રખિયાલ ગુજરાત બોટલિંગ પાછળ આવેલ BTI કારખાના માલીક (૧) જુબેરભાઈ યુનુસભાઈ શેખ (૨) બિલાલ યુનુશભાઈ શેખ લેબર કોન્ટ્રાક્ટર (૩) શીવકુમાર ગરીબદાસ રૈદાસ અને સુપરવાઈઝર (૪) સોહીલ ઈમ્તીયાઝ ચૌહાણ નાઓ કારખાનુ ઝઝરીત હોવાનુ જાણવા છતા કારખાનામાં કારીગરો પાસે કામ કરાવતા હતા જેઓની બેદરકારીથી સુરેશભાઈનું મુત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુરેશભાઈના કાકા રામજીઆવન લલ્લુભાઈ કેવટ (રહે. રબારી વસાહત ઓઢવ) (મુળ વતન- ઉત્તરપ્રદેશ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૩૬/૨૦૨૧**

ઓઢવઃ સુરેન્દ્રભાઇ બાબુલાલ કુરમી (ઉ.વ.૨૫) (રહે. યમુના પાર્ક સોસાયટી, આદીનાથનગર, એસ.પી.રીંગ રોડ ઓઢવ) તા.૨૩/૦૬/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ જી.આઇ.ડી.સી નીલકંઠ એસ્ટેટ, “વર્ષા સ્ટીલ” નામના કારખાનામાં કામ કરતા હોઈ વિજ પાવર ચાલુ કરવા જતા વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને બાપુનગર સ્ટાર હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૧૩૭/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ અઝુમનબાનુ મખસુદીન શેખ (ઉ.વ.૪૨) (રહે. રમઝાન પાર્ક-૨ સોસાયટી સમા સ્કુલ પાસે ફતેહવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૨/૦૬/૨૦૨૧ રાતના ૯/૨૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ વચ્ચે અટલઘાટ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

નરોડાઃ અશ્વિનભાઇ જેઠાભાઇ સોલંકી (ઉ.વ.૪૨) (રહે. મુઠીયાગામ વણકરવાસ નરોડા) એ અગમ્ય કારનસર તા.૨૨/૦૬/૨૦૨૧ કલાક ૯/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે હિંચકાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઈ ચલાવે છે.

સરદારનગરઃ ભાગચંદ કનૈયાલાલ દલવાણી (ઉ.વ.૫૫) (રહે. નોબલનગર ફ્લેટ અંબે માતાના મંદિર પાસે નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૧ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજીતસિહ છગનસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી